# गायत्रीतीर्थ-शान्तिकुञ्ज

शान्तिकुञ्ज, हरिद्वार (उत्तराञ्चल) २४९४११

ता-०७ नवेम्बर-२००७

## નૂતન વર્ષાભિનંદન તથા દીપાવલી (જ્યોતિ પર્વ)ની શુભેચ્છા

**આદરણીય ભાઈ શ્રી / બહેનશ્રી,**

અમો આશા સેવી છીએ કે આપ સૌ પરમ પૂજ્ય ગુરુદેવ અને પરમ વંદનીય માતાજીના સ્નેહાશિષથી ખુશ અને નિરોગી હશો. નૂતન વર્ષ તથા દીપાવલીનું જ્યોતિપર્વ નવી આશા, નવો ઉમંગ અને ઉત્સાહ લઈને આવી રહ્યું છે. નાના-નાના દીવડાઓ મળી અમાસના અંધકારને સમાપ્ત કરવાનો સંકલ્પ વ્યક્ત કરી આપણાંને પોતાની અંદરના અસુરત્વને સમાપ્ત કરવાની પ્રેરણા આપે છે.

કોઈ એક સમયે મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામે વનવાસી રીંછ-વાનરોમાં આત્મવિશ્વાસ જગાડી, તેમને સંગઠિત કરી સામંતવાદી શક્તિની વિરુદ્ધ ઉભા કરી દીધા હતા અને એ સમયના આતંકવાદનો નાશ કરવામાં સફળતા મેળવી હતી. હિમાલયની શક્તિના સૂક્ષ્મ રક્ષણ-માર્ગદર્શન હેઠળ આ વખતે પણ પરમ પૂજ્ય ગુરુદેવે સમાજના ઉપેક્ષિત અને સામાન્ય મધ્યમ વર્ગને ગાયત્રી મહાવિદ્યાની સાધનાથી આત્મશક્તિ સંપન્ન બનાવી સંગઠિત કરતા ધરતી પર ફરી સ્વર્ગ જેવું વાતાવરણ બનાવવા વિચારક્રાંતિ અભિયાન ચલાવ્યું છે. જોત-જોતામાં વિચારક્રાંતિના આ અગ્રદુતો વિશ્વભરમાં સક્રિય થઈ ઉઠ્યા અને દિવ્યતાના, શ્રેષ્ઠતાના આ બીજને જ્યાં-ત્યાં અંકુરિત કરવામાં સફળ બની રહ્યા છે. હવે એ દિવસો દૂર નથી કે જ્યારે દેશ, ભાષા, લિંગ, ધર્મ, સંપ્રદાય, ઉંચ-નીચની દિવાલ ઓળંગી નવી પેઢીના આ સર્જન સૈનિકો વિશ્વભરમાં ભારતીય દેવ સંસ્કૃતિની ધર્મ-ધજા ફરકાવશે. જીવન જીવવાની નવી શૈલી શિખડાવશે.

ગયા પાછલા દિવસોમાં ભારત તથા તેની બહાર આવેલા દેશમાં યુવક સંમેલનો યોજાઈ ગયા કે જે નવી પેઢીમાં નવો પ્રાણ ફૂંક્યો છે.

સમયની માંગ છે કે યુવાનો આગળ આવે અને પોતાનો સમય, શ્રમ અને સાધનોનો થોડો ઉપયોગ દેશને સમૃદ્ધ અને પ્રગતિશીલ બનાવવામાં લગાવે. શિક્ષણ તથા ચિકિત્સા ક્ષેત્રમાં નવા વિચારો સ્થાપવા માટે દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયમાં રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ વૈકલ્પિક ચિકિત્સા કેન્દ્રની સ્થાપના કરવામાં આવી રહી છે. આપ આપનો ભાવનાસભર સહકાર આ દિશામાં પણ આપશો. પોતાના પ્રદેશના-વિસ્તારના પરિજનોને એના તરફ પ્રેરિત કરશો.

આપ આપની પ્રગતિ તથા કુશળતાના સમાચાર આપતા રહેશો. નૂતન-વર્ષ દીપાવલીનું આ પવિત્ર પર્વ સામાજિક જીવનમાં અનેક પ્રકારની ખુશાલી લઈને આવે. પરમ પૂજ્ય ગુરુદેવ-વંદનીય માતાજીના શુભાશીષ અને અમારા બન્નેની હાર્દિક શુભેચ્છા પાઠવી રહ્યા છીએ, તેનો આપ સહર્ષ સ્વીકાર કરશો.

**આપનો ભાઈ**

**(ડૉ.પ્રણવ પંડ્યા)**

**આપની બહેન**

**(શૈલબાળા પંડ્યા)**

ફોન નં-૯૧-૧૩૩૪-૨૬૦૬૦૨, ૨૬૧૩૨૮, ૨૬૦૪૦૩ ફેક્સ-૨૬૦૮૬૬